# બાઈક અને રોમાંચભર્યા સાહસના શોખીન જીમી મિસ્ત્રીનો ડેલા એડવેન્ચર લોનાવાલાનું આકર્ષણ



(પ્રતિનિધિ) મુંબઈ, તા. ૪ : વિવિધ પ્રકારની બાઈક અને રોમાંચભર્યા સાહસના શોખીન જીમી મિસ્ત્રીએ એડવેન્ચરના શોખીનો માટે લોનાવાલામાં ડેલા એડવેન્ચર શરૂ કર્યું છે. ૩૬ એકરમાં પથરાયેલા ડેલા એડવેન્ચર અને એન્ક્લેવ રિસોર્ટ પર્યટકો માટે વિશેષ આકર્ષણ બન્યું છે. ૮૬ પ્રકારની વિવિધ રાઈડસ અહીં છે. જેમાં રોમાંચભર્યા સાહસ અને એક થ્રીલનો અનુભવ થાય છે. આશરે ૨૫૦ કરોડના ખર્ચે શરૂ થયેલ ડેલા એડવેન્ચર ભારતના અન્ય પાંચ મુખ્ય શહેરોમાં પણ જીમી શરૂ કરવા માગે છે.

ભારતનો સૌથી મોટો એડવેન્ચર પાર્ક લોનાવાલા- કુનેગાંવ ખાતે ૩૬ એકરમાં તૈયાર થઈ રહ્યો છે. આનો પ્રથમ તબક્કો પૂર્ણપણે કાર્યાન્વિત થઈ ચૂક્યો છે. આમાં એડવેન્ચર પાર્ક, ૪ રેસ્ટોરન્ટ, રિસોર્ટ, બેન્કવેટ અને વીલાનો સમાવેશ થાય છે.



**જીમી મિસ્ત્રી**
**ચેરમેન અને એમડી**

ડેલા એડવેન્ચરના સ્વપ્નદ્રષ્ટા અને શિલ્પી જીમી મિસ્ત્રી છે. જે જાણીતા આર્કિટેક્ટસ અને ઈન્ટીરિયર ડિઝાઈનર છે. આ પારસી યુવક બાઈકર છે.

ડેલા એડવેન્ચર પ્રોજેક્ટમાં રૂ. ૨૫૦ કરોડનું મૂડીરોકાણ થયું છે. આમાં રૂ. ૧૨૫ કરોડની બે બેન્કોની લોનનો સમાવેશ થઈ જાય છે. કંપની તેના વિસ્તરણ પ્રોજેક્ટ માટે પ્રાઈવેટ ઈક્વિટી ફંડનો સહારો લેશે અને ૨૦૧૫-૧૬ બાદ આઈપીઓ દ્વારા મૂડીબજારમાં પ્રવેશવાનું વિચારશે. ડેલા ટેકનીકા ગ્રુપના મોવડી જીમી મિસ્ત્રીએ જણાવ્યું હતું કે લોનાવલા બાદ બીજા પાંચ શહેરોમાં ડેલા એડવેન્ચર પાર્ક ઉભા કરવાની અમારી યોજના છે. આ શહેરોમાં બેંગલોર, અમદાવાદ, ઈન્દોર, નોઈડા- ગુરગાંવ અને કલકત્તાનો સમાવેશ થાય છે.

અત્રે રાઈડ નથી. અત્રે મશીન કંઈ કરતું નથી, પણ માનવશરીરે જ સમતુલા જાળવી સાહસરમતોમાં ભાગ લેવાનો હોય છે. અત્રે સુરક્ષા અને સલામતીનો પૂરેપૂરો ખ્યાલ રખાય છે. એમ્બ્યુલન્સ વાન પાર્કમાં જ હોય છે.

ડેલા એડવેન્ચરના માર્કેટિંગ મેનેજર કુમારી ડેબ્બી અસ્લીએ જણાવ્યું હતું કે, પાર્કમાં પ્રવેશફી રૂ. ૧૦૦ છે. ત્યાર બાદ દરેક રમતના રૂ. ૧૦૦થી રૂ. ૧૦૦૦ સુધીના ચાર્જ લેવાય છે. વ્યક્તિ દીઠ પ્લેટીનમ પેકેજ રૂ. ૩૮૦૦, ગોલ્ડ પેકેજ રૂ. ૨૮૦૦ અને કીડસ પેકેજ રૂ. ૧૫૦૦નો છે.

એડવેન્ચર પાર્કનાં આકર્ષણોમાં પેરા ગ્લાઈડીંગ, પેરા સેલિંગ, આર્ટીફીશીયલ રોક ક્લાઈમ્બીંગ, ઝોર્બીંગ, મોટરક્રોસ ડર્ટ બાઈક્સ, પેઈન્ટબોલ, રોપ ચેલેન્જ કોર્સીસ, એટીવી રાઈડસ, આર્ચરી ફલાઈંગ ફોક્સ, ટેલીગેઈમ્સ જેવા ૧૦૦ આકર્ષણોનો સમાવેશ થાય છે.

અત્રે ૨૫૦ જણની ક્ષમતાનો કોન્ફરન્સ હોલ છે, જ્યાં કોર્પોરેટ કંપનીઓ તેમની કોન્ફરન્સો યોજાતી હોય છે. અત્રે ટ્રેનિંગ રૂમ અને બોર્ડ રૂમ પણ છે. અત્રે સ્વીમીંગ પૂલ છે. ડેલા સ્પામાં વિવિધ મસાજ કરી અપાય છે. અત્રે આલ્શીયન કૂતરાઓની વિવિધ જાતો, જર્સી ગાડો, ઘોડા, ડક વગેરે જોવા મળે છે.